# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- **રાજ્યના તમામ મતદાન મથકોથી EVM મશીનોને સુરક્ષિત રીતે જે-તે જિલ્લાના સ્ટ્રોંન્ગ રૂમ ખાતે પહોંચાડવામાં આવ્યા.**
- **રાજ્યમાં લોકસભાની 25 બેઠક માટે સરેરાશ 59.51 ટકા મતદાન નોંધાયું.**
- **દાહોદ લોકસભા બેઠકના એક મતદાન મથકે ગઇકાલે બુથ કેપ્ચરિંગ થયું હોવાનું વિડિયો વાયરલ થતાં ચૂંટણી પંચે તપાસ હાથ ધરી.**
- **કોંગ્રેસે કેન્દ્રશાસિત પ્રદેશ દીવ-દમણના ચાર નેતાઓને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા.**
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, GUJCET-2024 પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે.
- **આગામી પાંચ દિવસ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારોમાં ભેજવાળું વાતાવરણ રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GANDHINAGAR STRONG ROOM

રાજ્યમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે 25 બેઠકોનું ગઇકાલે મતદાન પૂર્ણ થયું છે.

રાજ્યના તમામ મતદાન મથકોથી EVM મશીનોને સુરક્ષિત રીતે જે-તે જિલ્લાના સ્ટ્રોન્ગ રૂમ ખાતે પહોંચાડવામાં આવ્યા છે. આ સાથે જ તમામ ઉમેદવારોના રાજકીય ભાવિ ઇવીએમ મશીનમાં સીલ થઇ ગયા છે. સ્ટ્રોંગ રૂમોની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.. તેમ જ CCTV કેમેરાથી EVM મશીન પર દેખરેખ રાખવામાં આવી રહી છે. હવે ચોથી જૂને મતગણતરીના દિવસે આ તમામ રૂમ ખોલવામાં આવશે.

------------

## VOTING FOR GUJARAT LOKSABHA ELECTIONS 2024-1

**રાજ્યમાં લોકસભાની 25 બેઠક માટે ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું. આ વખતે રાજ્યમાં કુલ 59.51 ટકા મતદાન નોંધાયું છે. જેમાંથી સૌથી વધુ 72.24 ટકા મતદાન વલસાડ બેઠક પર અને સૌથી ઓછું 49.44 ટકા મતદાન અમરેલી બેઠક પર નોંધાયું હતું. જ્યારે બનાસકાંઠા, ભરૂચ, બારડોલી, સાબરકાંઠા, આણંદ, વડોદરા અને છોટાઉદેપુર બેઠક પર 60 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. જ્યારે કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ, ખેડા, પંચમહાલ, દાહોદ અને નવસારી બેઠક પર 55થી 60 ટકાની વચ્ચે મતદાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, પોરબંદર, ભાવનગર**

લોકસભા બેઠક એવી રહી કે, જ્યાં મતદાનનો આંકડો 55 ટકાથી પણ ઓછો રહ્યો હતો.

રાજ્યમાં વર્ષ 2014ની લોકસભા ચૂંટણીમાં 63.66 ટકા અને વર્ષ 2019માં કુલ 64.51 ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે છેલ્લા 10 વર્ષમાં આ વખતે સૌથી ઓછું મતદાન નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં 28 વર્ષ બાદ મે મહિનામાં લોકસભા ચૂંટણી માટેનું મતદાન થયું હતું. આ પહેલાં વર્ષ 1996માં મે મહિનામાં મતદાન થયું હતું. ગુજરાતની 26 લોકસભા બેઠક માટે કુલ 266 ઉમેદવારો મેદાનમાં હતા. જોકે, આમાંથી સુરત લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જાહેર થતાં કુલ 265 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. જેમાં 247 પુરૂષ ઉમેદવારો અને 19 મહિલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતાં.

ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપ ખાતેની નિશાન શાળા ખાતે મતદાન કર્યું હતું. મતદાન કર્યા બાદ પ્રધાનમંત્રીએ દેશવાસીઓને મતદાન કરવાની અપીલ કરી હતી.

## VOTING FOR GUJARAT LOKSABHA ELECTIONS 2024-2

રાજ્યના દિવ્યાંગજનો, વરિષ્ઠ નાગરિકો, અતિવિશિષ્ટ નાગરિકોથી લઈ દરેક મતદારે પણ મતદાનમાં ઉત્સાહ દાખવ્યો હતો. કેન્દ્રિય મંત્રીઓ અમિત શાહ, ડૉક્ટર મનસુખ માંડવિયા, પરશોત્તમ રૂપાલા, ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, જ્યારે કૉંગ્રેસના અમિત ચાવડા, પરેશ ધાનાણી સહિત અનેક અગ્રણીઓએ પણ મતદાન કર્યું હતું. ઉપરાંત રાજવી પરિવારો, સંતો-મહંતો, દિવ્યાંગજનો, ઉદ્યોગપતિઓ, કલાકારો, રમતવીરો સહિતના લોકોએ પણ મતદાન કરી

**પોતાની નૈતિક ફરજ બજાવી હતી. તો હવે આગામી 4 જૂને મતગણતરી થશે.**

**લોકસભાની સામાન્ય ચૂંટણીની સાથે સાથે રાજ્યની વિજાપુર, માણાવદર, ખંભાત, વાઘોડિયા અને પોરબંદર એમ પાંચ વિધાનસભા બેઠક માટે યોજાયેલી પેટાચૂંટણીમાં પણ ઓછું મતદાન નોંધાયું હતું. આ વખતે સૌથી ઓછું 53.89 ટકા મતદાન જુનાગઢની માણાવદર બેઠક પર અને સૌથી વધુ 70.20 ટકા મતદાન વડોદરાની વાઘોડિયા બેઠક પર થયું હતું.**

------------

## DAHOD- BOOTH CAPTURING

દાહોદ લોકસભા બેઠકના એક મતદાન મથકે ગઇકાલે બુથ કેપ્ચરિંગ થયું હોવાનું વિડિયો વાયરલ થતાં ચૂંટણી પંચે તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં રાજ્યના સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી એ.બી.પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે દાહોદ લોકસભા બેઠકના મહીસાગર જિલ્લાના પ્રથમ પુર મતદાન મથકનો વિડિયો વાયરલ થયો હતો.

( બાઇટ- એ.બી.પટેલ, સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી)

આ ઘટનામાં સંતરામપુર પોલીસે વીડીયો વાયરલ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ અંગે વધુ માહિતી આપે છે. મહિસાગર જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક જે.જી.ચાવડા......

(બાઇટ - જે.જી.ચાવડા, DYSP, MHSGR)

.................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલ @airnews_abad ને ફૉલો કરી શકો છો, અને અમારી Youtube ચેનલ AIR NEWS GUJARAT પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................

# DAMAN – CONGRESS LEADER

કોંગ્રેસે કેન્દ્રશાસિત પ્રદેશ દીવ-દમણના ચાર નેતાઓને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

ઓલ ઇન્ડિયા કોંગ્રેસ પાર્ટીના દમણ-દીવના પ્રભારી માણીકરાવ ઠાકરેએ એક યાદીમાં જણાવ્યું છે કે આ ચાર નેતાઓએ લોકસભા ચૂંટણીમાં પક્ષ વિરૂદ્ધ કામગીરી કરી હતી. તેથી તેમને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ખુરશીદ મુંજરા, નરસિંહભાઇ ચારણીયા, જીવાભાઇ બારીયા અને જયંતિ ચારણીયાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

## BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ચ-૨૦૨૪ માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ, GUJCET-2024 અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ gseb.org પર આવતીકાલે સવારના ૦૯:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક (Seat Number) Enter કરી મેળવી શકશે. વિદ્યાર્થીઓ WhatsApp Number 6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર, અને S.R. શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે.

પરીક્ષા બાદ ગુણચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિધ્ધ કરવામાં આવશે તથા ગુણપત્રક અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

------------

## WEATHER

હવામાન વિભાગે અમદાવાદમાં આવતીકાલે હીટવેવની આગાહી વ્યક્ત કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારોમાં ભેજવાળુ વાતાવરણ રહેવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. જ્યારે આગામી ત્રણ દિવસ બાદ ડાંગ, છોટા ઉદેપુર, નર્મદા, તાપીના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ પડવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. આ વિષે વધુ માહિતી આપે છે હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવ

(બાઈટ - રામાશ્રેય યાદવ)

-----------------------

## Thalassemia Day

**થેલેસેમિયાના નિવારણ અને સારવાર અંગે લોકોમાં જાગૃતિ વધારવા માટે આજે વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ રોગ ત્યારે થાય છે જ્યારે શરીર પૂરતું હિમોગ્લોબિન ઉત્પન્ન કરી શકતું નથી. લાલ રક્ત કોશિકાઓમાં પ્રોટીન કે જે સમગ્ર શરીરમાં કોષોમાં ઓક્સિજન વહન કરે છે. આ દિવસનો ઉદ્દેશ આનુવંશિક પરીક્ષણના મહત્વ પર ભાર મૂકી અને તમામ લોકો માટે સમાન અને ગુણવત્તાયુક્ત સારવાર ઉપલબ્ધ કરવી થેલેસેમિયાથી પીડાતા લોકોને સમર્થન આપવાનો છે.**

દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં થેલેસેમિયા દિવસ નિમિત્તે વિવિધ જાગૃતિના કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પંચમહાલના ગોધરા ખાતે આજે વિશ્વ થેલેસિમિયા દિવસ અને વિશ્વ રેડક્રોસ દિવસ નિમિત્તે સાર્થક સેવા સંસ્થા, ગોધરા રેડક્રોસ સોસાયટી અને સંકલ્પ ઇન્ડિયા સંસ્થાએ સંયુક્તપણે ઉજવણી કરી હતી, જ્યાં થેલેસિમિયાગ્રસ્ત બાળકો, તેમના વાલીઓ, વિવિધ સંસ્થાના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. અહીં બાળકોએ કેક કાપી સંગીત-ખુરશી જેવી રમતગમતમાં પણ ભાગ લીધો હતો. જ્યારે હાસ્ય કલાકાર દિવાકર શુક્લએ લોકોનું મનોરંજન પૂરું પાડ્યું હતું.

-----------

## GIR SOMNATH BHUKAMP

ગીરસોમનાથ જિલ્લાના તાલાલા ગીર પંથકમાં આજે બપોરે ભૂકંપના 2 આંચકા અનુભવાયા હતા. બપોરે 3 વાગ્યાને 14 મિનિટે 3.7ની તીવ્રતાનો પ્રથમ આંચકો, જ્યારે 3 વાગ્યાને 18 મિનિટે 3.4ની તીવ્રતાનો બીજો આંચકો આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર તાલાલાથી 13 કિલોમીટર દૂર ઉત્તર-પૂર્વ હોવાનું જાણવા મળ્યું હતું.

.................................